# શહેરમાં સાંજે વાતાવરણમાં પલ્ટો

**ઠંડી ઘટવાની સાથે બફારો અનુભવાયો : છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો ૧૪ ડીગ્રીની આસપાસ : સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં વરસાદ બાદ ગાંધીનગરમાં પણ અસર : વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડીનુ જોર ઘટયુ : મહત્તમ તાપમાન ૩૩.૫ ડીગ્રી વિચિત્ર મોસમથી નગરજનો પ્રભાવિત**

ગાંધીનગર તા ૧૦

શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનુ પ્રમાણ સતત ઘટી રહ્યુ છે. આજે ઠંડીનો પારો ૧૪ ડીગ્રી થી ઉપર આવી ગયો હતો. જેના લીધે આમ પણ નગરજનો દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. જયારે મહત્તમ તાપમાન પણ ૩૩.૫ ડીગ્રી રહ્યુ હતુ જેથી દિવસનો તાપ પણ ઉનાળા જેવો આકરો અનુભવતા નગરજનો ઠંડી ગરમીની મિશ્ર ઋતુનો અનુભવ કરી રહ્યા છે. ત્યારે બીજીતરફ સૌરાષ્ટ્ર સહીતના વાતાવરણ પલ્ટાની અસરથી ગાંધીનગરમાં પણ સાંજે વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. આછેરા વાદળોના ઘેરાવ વચ્ચે આકાશી નઝારો બદલાયો હતો. જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ બફારાનો અહેસાસ પણ કર્યો હતો.

શહેરમાં શિયાળાની મોસમની થોડી આક્રમક શરૂઆત બાદ ઠંડીનો પારો ઠરી ગયો છે. અલબત્ત ઠંડી અચાનક જ અદ્રશ્ય થઈ જતા દિવસે આકરો તાપ વર્તાઈ રહ્યો છે. જયારે દિવસના આકરા તાપની સાથે વહેલી સવારે અને મોડી રાત્રે ગુલાબી ઠંડીની અસરથી નગરજનો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. જયારે એકબાજુ રાજયમાં વાતાવરણ પલ્ટાની સાથે સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. કમોસમી વરસાદના લીધે નગરજનો વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે. ત્યારે વાતાવરણ પલ્ટાની અસરથી જન આરોગ્ય પણ પ્રભાવિત થયુ છે. ગાંધીનગરમાં પણ સૌરાષ્ટ્રના વાતાવરણ પલ્ટાની હળવી અસર જોવા મળી હતી. શહેરમાં વરસાદ આવ્યો ન હતો પરંતુ આકાશી નઝારો બદલાયો હતો. મોડી સાંજે આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવ જોવા મળ્યો હતો. જો કે વાદળિયા વાતાવરણ વચ્ચે પણ નગરજનોએ બફારાનો અહેસાસ કર્યો હતો. સાંજ ઢળ્યા બાદ પણ વાતાવરણમાં ગરમીનો અહેસાસ યથાવત રહ્યો હતો. સવારથી જ વાતાવરણમાં બફારાનુ પ્રમાણ વધુ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૩.૫ રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૧૪.૫ રહ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનુ પ્રમાણ ઘટયુ હતુ. ઠંડીનો પારો એક ડીગ્રી નીચે ઉતર્યો હતો. છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો ૧૩ થી ૧૪ ડીગ્રી વચ્ચે જોવા મળે છે. જયારે આજે બદલાતા વાતાવરણ વચ્ચે ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. સાંજે પણ આકાશમાં અચાનક જ વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણ વચ્ચે બફારો અનુભવતા નાગરિકોએ વિચિત્ર મોસમનો અહેસાસ કર્યો હતો.

## શહેરમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ માટે ૮૦ ટીમોની રચના કરાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં કોરોના વેક્સીનેશનના સર્વે માટે મનપા દ્વારા ૮૦ જેટલી ટીમો બનાવી અને આજથી આ અંગેની કામગીરીનો આરંભ કરી દેવામાં આવ્યો છે.

ગઈકાલે હાઈલેવલ બેઠક બાદ હરકતમાં આવેલ મનપાના તંત્રએ આ અંગે બે સભ્યોની બનેલી ટીમમાં આરોગ્યના વર્કરોને સ્થાન આપી આજથી આ હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી હાથ ધરી દીધી છે.

શહેરમાં આવેલ સરકારી તથા ખાનગી મિલ્કતોને આ સર્વેમાં આવરી લેવામાં આવનાર છે. આ ટીમો દ્વારા ૫૦ થી વધુ વય ધરાવતા તેમજ ૫૦ થી નીચેની આયુ ધરાવતા કો-મોર્બિડ દર્દીઓની યાદી તૈયાર કરશે. તંત્ર દ્વારા આ અંગે આજે સવારે ખાસ બેઠક પણ ટીમના સભ્યો સાથે કરી અને વિગતો કેટલી અને કયા પ્રકારની એકત્ર કરવાની છે તેની વિસ્તૃત સમજ પણ આપી હતી.

ત્રણ દિવસ દરમ્યાન શહેરના તમામ આવાસોને આવરી લેવાનું લક્ષ્યાંક છે. ટીમો દ્વારા આજથી આ કામગીરીનો આરંભ પણ કરવામાં આવ્યો છે અને અંદાજે એક હજાર જેટલા ઘરોના સર્વેની કામગીરી સંપન્ન થઈ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આજે પ્રથમ દિવસ હતો એટલે થોડીક ધીમી કામગીરી થઈ છે પણ તેમાં હવે પછી ગતિ આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## સર્વે માટે જિલ્લામાં ૯૭૬ ટીમો બનાવવામાં આવી : ત્રણ દિવસમાં સર્વે

**વેક્સીનેશન માટેની તૈયારીમાં તંત્ર ગળાડૂબ બન્યુ પંચાયતમાં વેક્સીન સ્ટોર બનાવવાની તૈયારીઓ પૂરજોશમાં**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સીન અંગે ગઈકાલે હાઈલેવલ બેઠકમાંથી મળેલ સૂચનાને પગલે આગામી ૧૧ થી ૧૩ ડિસેમ્બર દરમ્યાન હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ માટે ૯૭૬ ટીમો બનાવવામાં આવી છે.

આ ટીમોમાં બુથ લેવલ ઓફિસર અને આરોગ્યતંત્રના બે કર્મચારીઓની ટીમ બનાવવામાં આવી છે. આ ટીમ ઘરે ઘરે ફરી ૫૦ થી વધુ વયના લોકો તેમજ ૫૦ થી નીચેની વયના કોમોર્બિડ લોકોની યાદી તૈયાર કરી જિલ્લાતંત્રને રજુ કરશે.

મળતી વિગતો પ્રમાણે આ સર્વેમાં વ્યક્તીનું નામ, ઉંમર, અભ્યાસ, ઓળખકાર્ડ નંબર, કેટલા સમયથી સારવાર ચાલે છે, મોબાઈલ નંબર, ઘર નંબર સહિતની વિગતો એકત્ર કરાશે. આ યાદી તૈયાર કરી અને જિલ્લાતંત્ર દ્વારા રાજયને મોકલવામાં આવશે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૩ લાખ ૮૫ હજાર જેટલા લોકો ૫૦ થી વધુ વય ધરાવે છે. આ ઉપરાંત ૫૦ થી નીચેની વયના લોકો જે કોમોર્બિડ છે તેની વિગતો પણ એકત્ર કરવામાં આવનાર છે.

જિલ્લામાં ૧૩ લાખથી વધુ આવાસોનો આ સર્વે કરવામાં આવનાર છે. જિલ્લામાં અંદાજે

● અનુસંધાન પાન-૭ પર

## ઈન્ફોસીટી - કુડાસણમાં ૧૦ એકમોમાં ફાયરના સાધનો અંગે તંત્રની તપાસ

**મોટાભાગના એકમોમાં ફાયરના સાધનો હતા : સાધનો અપગ્રેડ કરવા સહીત તેના ઉપયોગ અંગે પણ તાલીમ અપાઇ**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર વિસ્તારમાં ફાયર સેફટીના મામલે એન ઓ સી વિનાના એકમો પર તવાઈ લાવવા માટે તંત્ર હવે કડક કામગીરી કરવાના મુડમાં છે. ત્યારે આજે કુડાસણ અને ઈન્ફોસીટી વિસ્તારમાં તંત્રએ વિવિધ ૧૦ ઠેકાણે તપાસ કરી હતી આ દરમિયાન મોટાભાગના સ્થળોએ ફાયર સેફટીના સાધનો હોવાનુ સ્પષ્ટ થયુ હતુ જયારે આ દરમિયાન ફાયરના જવાનોએ સાધનોના ઉપયોગ અને તેને અગ્રેડ રાખવા માટે પણ સમજણ પુરી પાડી હતી.

અમદાવાદ અને સુરત સહીતના મોટા શહેરોમાં ફાયર સેફટીની સ્થિતિ અત્યંત કંગાળ હોવાના વિકરાળ દ્રશ્યો પણ નજર સામેથી હજુ હટતા નથી. ત્યારે રાજયના પાટનગરમાં ફાયર સેફટીના મામલે હજુ ઘણુ કરવાનુ ઘટે છે. ફાયર એન ઓ સી વિના ધમધમતા એકમોની સંખ્યા પણ વિશેષ હોવાનો આંકડો આંખ સામે આવ્યા બાદ હોટલો અને હોસ્પિટલોમાં ફાયર સેફટીના મુદ્દે તંત્રએ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી ત્વરિત પગલા લેવાની અનિવાર્યતા

ઉભી થઇ છે. ગાંધીનગરમાં પણ મનપા વિસ્તારમાં કુલ ૭૦૯ એકમોમાંથી માત્ર ૨૮૧ એકમો પાસે જ એન ઓ સી હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે બાકીના ૪૨૮ એકમો પાસે એન ઓ સી ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં મનપા વિસ્તારમાં હોસ્પિટલો, હોટલો, પેટ્રોલ પંપો પૈકી કેટલાક એકમો એન ઓ સી ધરાવતા નથી. આ મામલે સરકારી ઈમારતો પણ એન ઓ સી વિના જ કાર્યરત હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે ખાનગી અને સરકારી એકમોને ફાયર સેફટીના મામલે રેગ્યુલરાઈઝ કરવા અનિવાર્ય છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા આજે પણ મનપા વિસ્તારના ૧૦ જેટલા એકમોમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં એક હોસ્પિટલ, એકેડમી, હોટલ અને પાર્લર સહીતના એકમોની તપાસ કરવામાં આવી હતી. જયારે આ દરમિયાન મોટાભાગના સ્થળોએ

● અનુસંધાન પાન-૭ પર

## માસ્ક ન પહેરાનારાઓ સામે હળવી શિક્ષા અંગે કોર કમિટીની બેઠક મળી

ગાંધીનગર, તા. ૧૦

સુપ્રિમ કોર્ટે રાજ્ય સરકાર પાસે માસ્ક નહિ પહેરનાર લોકો સામે અન્ય અસરકારક પગલાંઓને લઈ સૂચનો માંગતા રાજ્યના આરોગ્ય વિભાગ અને મુખ્યમંત્રી તેમજ નાયબ મુખ્યમંત્રી અને રાજ્યના ગૃહમંત્રી સહિત સિનીયર મંત્રીઓની બેઠક મળી હતી.

મળતી વિગતો પ્રમાણે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આ સામે ૧૦ જેટલા અસરકારક પગલાંઓની યાદી તૈયાર કરી અને રજુ કરવામાં આવી છે. આ પગલાંઓ અંગે હવે અભ્યાસ કરી સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટમાં આગામી સુનાવણી વખતે રજુ કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે સ્થાનિક પોલીસની મદદથી માસ્ક મુદ્દે કડક વલણ અપનાવવા ઉપરાંત સોશિયલ મિડિયામાં ખાસ જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે.

આરોગ્ય વિભાગે જે સૂચનો કર્યા છે તેમાં માસ્ક ન પહેરનાર પકડાય તેને દંડ ઉપરાંત અન્યોને સ્વખર્ચે માસ્ક વિતરણ કરાવવાની જવાબદારી સોંપવામાં આવશે.

માસ્ક વગર પકડાય તેને શોપીંગ મોલ કે અન્ય જાહેર સ્થળોએ સિક્યોરીટી ગાર્ડની બાજુમાં માસ્ક અવેરનેસનું બોર્ડ લઈને ઉભા રહેવાની જવાબદારી સોંપવામાં આવશે. માસ્ક ન પહેરનાર અન્ય જાહેર સ્થળો પર રાહદારીઓને માસ્કનું મહત્વ સમજાવવાની જવાબદારી સોંપવામાં આવશે. માસ્ક વગર પકડાય તેને તેની ઉંમર-અવસ્થા અનુસાર કઈ સજા કરવી તે નક્કી કરવાની જવાબદારી સ્થાનિક પોલીસને સોંપવા સહિતના મુદ્દાઓ સૂચવવામાં આવ્યા છે.

આજે સાંજે મુખ્યમંત્રીના નિવાસસ્થાને મંત્રીમંડળની કોર કમિટીમાં આ મુદ્દાઓ પર મંથન થયુ હતુ.આગામી સપ્તાહે રાજ્ય સરકાર આ સૂચનોને આખરી રૂપ આપી વિગતો સાથે પોતાનો જવાબ સુપ્રિમ કોર્ટમાં રજુ કરી પક્ષ રાખશે. માસ્ક ન પહેરનારને કોવિડ કેર સેન્ટરમાં કામગીરી સોંપવાની સજા અંગે આપેલા ચુકાદાને રાજ્ય સરકારે સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો છે. જેના પર સુનાવણી ચાલી રહી છે જે ઉલ્લેખનીય છે.

# જિલ્લામાં વધુ ૪૯ કેસ નોંધાયા

**ગાંધીનગર-દહેગામમાં ૮-૮ કેસ, માણસા-કલોલમાં ૭-૭ : શહેરમાં સે. ૧૩ અને ૩ માંથી ૩-૩ કેસ મળ્યા આ ઉપરાંત સે. ૨૪, ૭, ૨, ૧૯ માંથી ૨-૨ કેસ નોંધાયા, શહેરમાં આજે સૌથી વધુ મહિલાઓ સંક્રમિતોની યાદીમાં**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૪૯ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં ૩૦ અને શહેરમાં ૧૯ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૭૨૭૬ પર પહોંચી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણના કેસો વધી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધવા પામી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્થાનિક તંત્રએ ૩૦ કેસ કહ્યા છે પણ સરકારે ૩૯ કેસ નોંધાયાનું તેની યાદીમાં જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં મહિલા દર્દીઓ અને મોટીવયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે. આજે નોંધાયેલા કેસોમાં નવ મહિલા દર્દી તેમજ મોટીવયના દર્દીઓ સાથે યુવાનોનો પણ સમાવેશ થાય છે. આજે નોંધાયેલા દર્દીઓમાં પણ સાત જેટલા દર્દીઓને સઘન સારવારની જરૂર જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય દર્દીઓઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૩૦ કેસમાં ગાંધીનગર-દહેગામમાં ૮-૮ કેસ તો માણસા-કલોલમાં ૭-૭ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના લવારપુર, મોટા ચિલોડા, રાંધેજા, સોનીપુર, અડાલજ, નાના ચિલોડા, રાંદેસણ અને ઉનાવા ગામેથી કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકામાં બહિયલ, ધમીજ, સાંપા, જાલિયા મઠ ગામેથી કેસો મળવા ઉપરાંત હાથીજણ ગામેથી બે કેસ તેમજ રખિયાલ ગામેથી બે કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાંથી પણ આજે સાત કેસ મળી આવ્યા છે. જેમાં ચડાસણા ગામેથી બે કેસ અને અર્બન વિસ્તારમાંથી બે કેસ મળવા ઉપરાંત ઈટાદરા, પુંધરા અને રિદ્રોલ ગામેથી પણ કેસો મળી આવ્યા છે. માણસામાં કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

કલોલમાં પણ આજે વધુ સાત કેસ મળી આવ્યા છે. જેમાં ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૪ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. તાલુકાના છત્રાલ, પાનસર, આરસોડિયા ગામેથી કેસો મળી આવ્યા છે. આ ઉપરાંત કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી એક તેમજ અર્બન-૨ વિસ્તારમાંથી ૩ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓ પૈકી ૩૧૫૬ દર્દીઓ રિકવર અત્યાર સુધીમાં થઈ ચુક્યા છે.

જિલ્લામાં હાલ ૨૨૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૧૧૮૭૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના દર્દીઓનો ઘટવાનો ટ્રેન્ડ આજે સતત ચોથા દિવસે પણ યથાવત રહ્યો છે. શહેરમાંથી આજે ૧૯ કેસ નવા મળી આવ્યા છે.

શહેરમાં કોરોનાની ગતિ ધીમી પડી છે પરંતુ સંવેદનશીલ બનેલા સેક્ટરોમાંથી જે ગતિએ કેસો મળી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં રિકવરીરેટ સારો જોવા મળી રહ્યો છે. જેથી તંત્રને થોડીક રાહત છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સૌથી વધુ મહિલાઓ સંક્રમિત થઈ છે. આ મહિનાના દસ દિવસમાં કદાચ આજે મહિલાઓ જે સંક્રમિત થઈ છે તે એક નવો વિક્રમ છે. આજે નોંધાયેલા કેસોમાં ૧૩ થી વધુ મહિલાઓ સંક્રમિત થયેલ છે.

સે. ૧૩ માંથી આજે ૩, સે. ૩ માંથી ૩ તેમજ સે. ૨૪, ૭, ૨, ૧૯ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૬, ૪, ૮, સે. ૩-એ-ન્યુ અને જીઈબીમાંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૨૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ૨૨૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં ૨૦૦થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૨ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલા છે.

'આંબે આવ્યા મ્હોર...' ભર શિયાળે આંબા પર મ્હોર જોવા મળે તો આશ્ચર્ય જ થાયને... ઉનાળાનુ ફળ ગણાતી કેરી સૌને ખૂબ પ્રિય હોય છે. પરંતુ કેરી વર્ષ દરમ્યાન માંડ બે-ત્રણ મહિના ખાવા મળે છે. એમાં પણ ગુજરાતીઓને પ્રિય હોય એવી કેસર કેરીની સિઝન તો ખૂબ ટૂંકી હોય છે. પેથાપુરમાં આંબે આવેલા મ્હોર જોઈ કેરી ખાવાની લાલચ ભલે થાય પરંતુ હજુ કેરી માટે ઘણા મહિનાઓ રાહ જોવી પડશે.

## સેકટરોમાં જોખમી આવાસો ખાલી કરાવાની પ્રક્રીયા તંત્ર માટે જટીલ

**રહેણાંકને લાયક આવાસો ન હોવાની સાથે રહીશો પણ જલ્દીથી બ્લોક ખાલી કરતા નથી : તંત્ર માટે જોખમી આવાસ ખાલી કરાવાનુ કામ મુશ્કેલ**

ગાંધીનગર તા ૧૦

શહેરમાં એકબાજુ નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે જુના અને જર્જરિત આવાસો પૈકી રહેણાંકને લાયક હોય તેવા મકાનોનુ મજબુતીકરણ પણ હાથ ધરવામાં આવ્યુ છે. આ ઉપરાંત જોખમી મકાનોનો કડુસલો કરવા માટે તબક્કાવાર આવાસો ખાલી કરાવામાં આવે છે. ત્યારે રહેણાંકને લાયક આવાસોના અભાવે જોખમી મકાનો ખાલી કરાવાની પ્રક્રીયા પણ મંદ પડી ગઈ છે. જોખમી આવાસોમાં રહેતા પરિવારજનો ઝડપથી આવાસ ખાલી પણ કરતા નથી આ સ્થિતિ વચ્ચે તંત્ર માટે આ પ્રક્રીયા વધુ જટીલ બની છે.

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોય તેવા મકાનોની સંખ્યા હવે નહીંવત રહી છે. અલબત્ત હાલ રહેણાંકના મોટાભાગના આવાસો જોખમી સ્થિતિમાં છે. ત્યારે માર્ગ મકાન વિભાગ દ્વારા નવા આવાસો બાંધવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. હાલ શહેરના સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ખુલ્લી જગ્યાનો અભ્યાસ કરી દેવાયો છે ત્યારે ટુંકમાં નવી આવાસ યોજના તૈયાર કરવા માટે ટુંકમાં નવી સાઈટ પણ નક્કી કરી દેવાશે. પંરતુ હાલ જુના અને જર્જરિત આવાસો તોડવા માટે પણ કામ ચાલી રહ્યુ છે. ત્યારે જુના આવાસોને ખાલી કરાવવાનુ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. આવાસોના રીનોવેશનની કામગીરીને અનુલક્ષીને પણ તંત્રએ પ્રથમ મકાન ખાલી કરાવુ પડે છે. જયારે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડીને આવાસ મજબુતીકરણની કામગીરી હાથ ધરવામાં આવે છે. ત્યારે ભયજનક આવોસોનો કડુસલો કરવાના મામલે પણ આ મુજબની પ્રક્રીયા હાથ ધરવી પડે છે. આવા સંજોગોમાં તંત્રના ચોપડે આવાસોના મામલે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી છે. ત્યારે જુના આવાસો ખાલી કરાવવા

● અનુસંધાન પાન-૭ પર

GANDHINAGAR ELECTRONICS ZONE INDUSTRIES ASSOCIATION
B-23/2/1&2, GIDC, ELECTRONICS ESTATE, SECTOR-25, GANDHINAGAR-382 024 GUJARAT, INDIA. PH : (079) 23287130,23287230
E-mail : geziaonline@gmail.com, Website : geziaonline.org
Regd. under section "25" of companies Act, 1956 (No.-1-1956) Dt.28-01-2008.
Corporate Identity No. U91100GJ2008NPL052751

REQUIRED

(1) ACCOUNTANT CUM OFFICE ASSISTANT
★Qualification-Graduate
★Age-25-45(Preferably Male)
★Experience-Account and administrative knowledge, more than 3 years
★Computer knowledge in essential
★Preferred Gandhinagar Location

(2) C.E.O.(Chief Executive Officer)
★Qualification-post Graduate in anydiscipline
★Age-45 to 60 years pleasing personalities, Retired Government Officer
★Experience-5years for CEO
★Proficiency in English reading and writing
★Preferred Gandhinagar Location
★Knowledge of computer is Essential. He should be conversant with conducting the seminars,arranging meeting/function/etc. and Liasoning with Govt.dept.
Send your resume by Hand or Post within 7 days at below mention address
To The Secretary
Gandhinagar Electronics Zone Industries Association Plot no. B23/2/1 & 2 GIDC Sector-25, Electronics Estate,Gandhinagar-24

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com